c/35

**ફિક્સ પગારના કર્મચારીઓ માટે 'મા વાત્સલ્ય' યોજનાની પેટર્ન મુજબ "મા કર્મયોગી" યોજના કાર્યાન્વિત કરવા અંગે.**

ગુજરાત રાજ્ય
નાણાવિભાગ
ઠરાવ ક્રમાંકઃ ખરચ/૧૦૨૦૧૬/૧૨૩૪/ઝ.૧
સચિવાલય, ગાંધીનગર.
તાઃ ૨૨/૧૨/૨૦૧૬

**વંચાણે લીધા :-**

(૧) ના.વિ.નો તા.૧૬/૦૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક-ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧
(૨) ના.વિ.નો તા.૨૦/૧૦/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક-ખરચ/૨૦૦૨/૫૭/ (પાર્ટ-૨)/ઝ.૧
(૩) ના.વિ.નો તા.૨૮/૦૩/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક-ખરચ/૨૦૦૨/૫૭/ (પાર્ટ-૩)/ઝ.૧
(૪) આ. અને પ.ક.વિ.નો તા.૧૮/૦૪/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક-એફપીડબલ્યુ/૧૦૨૦૧૨/૪૭૧/બ.૧
(૫) આ. અને પ.ક.વિ.નો તા.૧૩/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક-એફપીડબલ્યુ/૧૦૨૦૧૨/૪૭૧/બ.૧
(૬) આ. અને પ.ક.વિ.નો તા.૨૬/૦૩/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક-એફપીડબલ્યુ/૧૦૨૦૧૨/૪૭૧/બ.૧

**આમુખઃ-**

નાણા વિભાગના સંદર્ભ ક્રમાંક-(૧) સામે દર્શાવેલ ઠરાવથી રાજય સરકારની કચેરીઓમાં સીધી ભરતીની નિમણૂકો ફિક્સ પગારથી કરવાની નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે. સંદર્ભ ક્રમાંક-(૨) સામે દર્શાવેલ ઠરાવથી દર્શાવ્યા મુજબ નિયમિત ભરતીથી નિમાયેલ ફિક્સ પગારના કર્મચારીના કિસ્સામાં તબીબી સારવારના લાભો માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની 'મા વાત્સલ્ય' યોજનાની પેટર્ન મુજબ "મા કર્મયોગી" યોજનાની શરૂઆત કરવા માટેની બાબત રાજય સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

ઉકત બાબતે પુખ્ત વિચારણાને અંતે રાજય સરકાર ધ્વારા નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવની નીતિ હેઠળ નિયમિત ભરતી પધ્ધતિથી નિમણૂક પામેલ ફિક્સ પગારના કર્મચારીઓ તેમજ તેમના પરિવારની આરોગ્ય વિષયક સેવાઓ માટે 'મા વાત્સલ્ય' યોજનાની પેટર્ન મુજબ "મા કર્મયોગી" યોજના હેઠળ તબીબી સારવારના લાભો આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

સદરહું યોજના માટે નીચે મુજબની પધ્ધતિ અપનાવવાની રહેશે.

(૧) નિયમિત ભરતી પધ્ધતિથી નિમાયેલ ફિક્સ પગારના કર્મચારીઓને તેઓના ફિક્સ પગારની સેવાઓના સમયગાળા દરમ્યાન જ સબંધિત કર્મચારી તેમજ તેમના પરિવારને આ યોજનાનો લાભ 'મા વાત્સલ્ય' યોજનાની પેટર્ન મુજબ મળી શકશે.
(૨) આ યોજનાના અમલીકરણને લગતી તમામ વહીવટી કામગીરી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે કરવાની રહેશે.
(૩) આ યોજનાના અમલીકરણ અંગેની અન્ય વિગતો અને શરતો સંદર્ભે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે જરૂર જણાયે ઠરાવ બહાર પાડવાનો રહેશે.
(૪) આ યોજનાનો તાત્કાલિક અમલ કરવાનો રહેશે. તેમજ આ અંગે જરૂરી ભંડોળ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ધ્વારા ઉભું કરવાનું રહેશે તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે આ બાબતે વર્ષ ૨૦૧૭-૧૮ના અંદાજપત્રમાં નવી બાબત રજુ કરવાની રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. બી. પટેલ)
નાયબ સચિવ
નાણા વિભાગ.

પ્રતિ,

- ❖ માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- ❖ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- ❖ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ➢ માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- ➢ માન. વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ સચિવાલયના સર્વે વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ અધિક સચિવશ્રી / સંયુકત સચિવશ્રી / નાયબ સચિવશ્રી (બજેટ), સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- ➢ સર્વે ખાતાના વડાઓ.
- ➢ એકાઉન્ટ જનરલશ્રી (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- ➢ એકાઉન્ટ જનરલશ્રી (એ. એન્ડ ઈ.), ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- ➢ નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- ➢ પગાર અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- ➢ વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર / વડોદરા / રાજકોટ / ભાવનગર / અમદાવાદ.
- ➢ સર્વે નાણા સલાહકારશ્રીઓ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / સર્વે શાખાઓ (નાણા શાખાઓ સહિત), સચિવાલય, ગાંધીનગર.
- ➢ નાણા વિભાગની વિસ્તૃત અંદાજપત્ર શાખાનાં સર્વે ગ્રુપ.
- ➢ મેસર્સ ટાટા કન્સલટન્સી સર્વિસીસ લી., ગાંધીનગર.
- ➢ સીસ્ટમ મેનેજરશ્રી, ટાટા કન્સલટન્સી સર્વિસીસ લી. તરફ નાણા વિભાગની વેબસાઈટ ઉપર આ પરિપત્ર મૂકવાની વિનંતી સાથે.
- ➢ સિલેકટ ફાઈલ ઝ.૧ શાખા.

---

- ❖ પત્ર ધ્વારા.